भोजा भगतना चाबखा

अने

भक्तमाल तथा गुरुपीआलो.

भाग १ लो तथा २ जो.

સંગ્રહ કરી પ્રસિદ્ધ કરનાર
જોશી કામેશ્વર ઓધવજી.
વીપ્ર કુંડાલીઆ.
મુ. અમરેલી પ્રાંત (કાઠીઆવાડ)

अमदावाद

ધાકોટે યુનિયન પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૪૬ સને ૧૮૯૦

भोजा ? कना चाबखा.

ચાબખો ૧.

પ્રાણીઆ ભજી લેને કિરતાર, આતો સ્વપ્નું છે સંસાર. ટેક.
ધન દોલતને માલ ખજાનો, પુત્ર અને પરિવાર;
તેનો તજી તમે જાશો એકલા, ખાશો જમના માર રે. પ્રા. ૧
ઉંચી મેડીને અજબ જરૂખા, ગોખ તણો નહીં પાર;
છત્રપતિ તો ચાલ્યા ગયા, તેનાં બાંધ્યાં રહ્યાં છે બાર રે. પ્રા. ૨
ઉપરે ફુલડાં ફર ફરેને હેઠે શ્રીફળ ચાર.
ઠીક કરી એને ઠાઠડીમાં ઘાલ્યો પછી પુઠે પડે પોકાર રે. પ્રા. ૩
સેજ તળાઇ વિના સુનો નહીં ને, કરતો હુનર હજાર;
ખોરી ખોરીને બાળશે, જેમ લોહું ગાળે લુવાર રે. પ્રા. ૪
સ્મશાન જઈને ચેહ ખડકી, તે ઉપર કાષ્ટનો ભાર;
અગ્ની મૂકીને અળગા રહે, પછે અંગે ઝરે અંગાર રે. પ્રા. ૫
સ્નાન કરવા સૌ ચાલીઆં, મળી નર સઘળા ને નાર;
ભોજો ભગત કહે દશ દહાડા રોઈને વળતી મૂક્યો વિસારરે. પ્રા. ૬

ચાબખો ૨.

જીવને શ્વાસ તણી સગાઇ, ઘરમાં ઘડી ન રાખે ભાઇ.
બાપ કહેછે બેટો અમારો, માતા મંગળ ગાઈ;
બેની કહેછે બંધવ અમારો, ભીડ પડે ત્યારે ભાઇરે. જીવને. ૧
લીપ્યુંને ગુંપ્યું આગણુંને, કાઢ્યારે વેળા થઈ;
અડશોમાં તમે અભડાશો, એમ લોક કરે ચતુરાઇ રે. જીવને. ૨

ઘરની નારી ઘડી ન મૂકે, અંતે અળગી રહી;
ભોજો ભગત કહે કંથ વળાવી, તરત બીજાને ગઈરે. જીવને. ૩

ચાબખો ૩.

દેશિ સંત તણી લાવીરે, ભેળાં ફરે બાવોને બાવી; ટેક.
મોટાં કપાળે ટિલાં કરેને, વળી ટોપી પટકાવી;
કંથોને ખલ્લતો માળા ગળાંમાં, કાને મુંદ્રા લટકાવીરે. દેશિ. ૧
સંત શેવામાં સુખ ઘણુંને, કરે શેવા મન ભાવી;
તન મન ધન સોંપો એ સંતને, પ્રીતીઓ લગાવીરે. દેશિ. ૨
એવું એવું જ્ઞાન દિએ, બહુ હેતે બોલાવી;
ભોજો ભગત કહે રાખ્યા ચાહુમાં, ભેખે ભરમાવી રે. દેશિ. ૩

ચાબખો ૪.

ભેખતો ભાવર થકી ભુંડારે, મેલા અંતરમાં ઉંડા. ટેક.
ટકો પૈસો ટલ ગામ ગામ માગે, વળી ખેતર ખેતર કુંડાં;
જેની વાંસે ધાય તેનો કેડો ન મેલે, જેમ કટકના લુંડા રે. ભેખતો. ૧
ત્રાંબિયા સારૂ ત્રાગુ કરે ને વળી, કામ ક્રોધના ઉંડા:
ધન ધુતવા દેશ દેશમાં ફરે, જેમ મુલકમાં મુંડાં રે. ભેખતો. ૨
ગામ બધાની ચાકરી કરેને, ઘેર રાખે અગન કુંડાં;
ભોજો ભગત કહે કર્મની કોટી, પાપ તણાં ઝુડાંરે. ભેખતો. ૩

ચાબખો ૫.

જોઇલો જગતમાં બાવારે, ધર્યાં ભેખ ધુતીને ખાવા. ટેક.
જ્યાં પ્રેમદા ઘણી પાણી ભરે, ત્યાં જાય નિત નિત નાવા;
રાંડી છાંડી નારનો નર ઘર ન હોય ત્યારે, બાવોજી બેશે ગાવારે. જો૦ ૧
લોકનાં છોકરાંને તેડી રમાડે, વળી પરાણે પ્રીત થાવા;
ગ્રહસ્થની સ્ત્રી રીસાઈ જાય ત્યારે, બાવોજી જાય મનાવારે. જો૦ ૨

ધુપ કરેને બાવો ધ્યાન ધરે, ભોળા લોકને ભરમાવા;
બોજો ભગત કહે બાવે શું શેવે એને, જમપુરીએ જાવારે. જો૦ ૩

ચાબખો ૬.

ભરમાવી દુનિઆં ભોળીરે, બાવો ચાંલ્યો ભભુતી ચોળી. ટેક
દોરા ધાગાને વળી ચીઠી કરીને, આપે ગુણકારી ગોળી;
જીવને હણતાં દયા ન આણે, જેમ ભીલ કાફર કોળીરે. ભ૦ ૧
નિત નિત દરશન નિમ ધરાવે, ઘેર આવે ત્રીયા ટોળી;
માઈ માઇ કરીને બાવો બોલાવે, હૈયે કામનાની હોળી. ભ૦ ૨
સઘળા શીષ્યને ભેળા કરી ખાઈ, ખીર ખાંડને પોળી;
બોજો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યો બોળીરે. ભ૦ ૩

ચાબખો ૭.

મૂરખો રળી રળી કમાણોરે, માથે મેલશે મોટો પાણો—ટેક
ધાઇ ધુતીને ધન ભેળું કીધું, કોટી ધ્વજ કહેવાણો;
પુન્યને નામે પા જૈ ન વાપર્યો, અધવચથી લુટાણોરે. મૂરખો. ૧
ભર્યા કોઠાર તાગ ધર્યા રહેશે, નહીં આવે સાથે એક દાણો;
મશાણુની રાખમાં રોળાઇ ગયા કેક, કોણ રંકને કોણ રાણોરે. મૂરખો. ૨
મંદિર માળિઆં મેલી કરીને, નિચે જઈ ઠેરાણો;
બોજો ભગત કહે મુવા પુઠે જીવ, ઘણો ઘણો પસ્તાણોરે. મુરખો. ૩

ચાબખો ૮.

મૂરખો મોહી રહ્યો મારૂંરે, તેમાં કાંઈએ નથી તારૂં—ટેક
સાત સાયર જેની ચોકી કરતા, ફરતું નિર ખારૂં;
ચૌદ ચોકડીનું રાજ ચાલ્યું ગયું, રાવણાદિક વાળુંરે. મૂરખો. ૧
દુખને તો કોઇ દેખે નહીં, ને સુખ લાગે સારૂં;
વેળા વેળાની છાંયડી તારી, વળી જાશે વારૂંરે. મૂરખો. ૨

હરિભજનમાં હેતજ રાખો, સ્મરણ કરો સારૂં;.
ભોજો ભગત કહે રાખો રૂદેમાં, પ્રભુનું ભજન પ્યારૂંરે. મૂરખો. ૩

ચાબખો ૯

ભગતી શીશ તણું સાટુંરે, આગળ વસમી છે વાટું—ટેક
એક દિવસતો આવી બની, રાજા મૂરધ્વજને માથે;
કાશીએ જઈને કરવત મુકાવ્યું, હરિજનને હાથેરે. ભગતી. ૧
સત્યને કાજે ત્રણે વેચાણાં, રોહિદાસને રાણી;
રૂપીને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણીરે. ભગતી. ૨
પેહેરો પટોળાં પ્રેમનાંરે તમે, શુરવીર થઇ ચાલો;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, અમારાપર મહાલોરે. ભગતી. ૩

ચાબખો ૧૦.

દુનિઆં દિવાની કહેવાશેરે, ભુંડી ભીતોમાં ભટકાશે—ટેક.
પાપ એનું જ્યારે પ્રગટ થાશે ત્યારે, ભુવા જતી ઘેર જાશે;
ધુણી ધુણી એની ડોકજ દુખશે, ને લેનારો લઈ ખાશેરે. દુ૦ ૧
સ્વર્ગમાં નથી સુપડુંને, નથી ખાંડણિયો ને ઘંટી;
દુધ ચોખાના જમનારા તમે, કેમ કરી જમશો બંટીરે. દુ૦ ૨
ઢોંગ કરીને ધુતવાને આવે ત્યારે, હાથ બતાવા સૌ જાશે;
ક્યારે આના કર્મનું પાનુંરે ફરશે, અને ક્યારે પુત્રજ થાશેરે દુ૦ ૩
કીમિઆગર કોઇ આવી મળે ત્યારે, ધનને વાસ્તે ધાશે;
ભોજો ભગત કહે ભ્રમણામાં ભમતાં, ગાંઠની મુડી ગમાશેરે. દુ૦ ૪

ચાબખો ૧૧.

મૂરખની દાઢડી થઇ ધોળીરે, રૂદીયામાં નહીં જોયું ખોળી—ટેક
ખડ વાઢીને ભેગું કર્યું પણ, હાથ ન રહી કોઢી;

વેચ્યા ટાણે વેચ્યું નહીં, પછી પીઠ પડી મોળીરે. મૂરખની. ૧
બગલો થઇને આરે બેઠો, ચાંચ કરી પોહોળી;
આરેથી કાંઈ આહાર મળ્યો નહીં, દરિઓ દીધો ડોળીરે. મૂરખની. ૨
મનખાદેહી જેવો માલ પાકયોને, તેમાં પડીઆ કોળી;
વાવ્યા વિના તે ક્યાંથી પામશે, પોંખશું ખાશે ચોળીરે. મૂરખની. ૩
વારતાં વારતાં વારે ચડતો, માલ લાવતો ધોળી;
ભોજો ભગત કહે ત્રણુ ચાર લાગશે, તીર તરવાર ને ગોળીરે. મૂરખની ૪

ચાબખો ૧૨.

મન ચડયું મોટપને માળેરે, પ્રભુ એની વેળા કેમ વાળે—ટેક.
મહાજન કહે અમે ધરમી કહેવાઈએ, દુધ પાઇ મીંદડાને પાળે;
મોટું થાય ત્યારે મોકળુંરે મુકે, પછી ઉંદરનો દાટ વાળેરે. મન. ૧
ચાર પાચ ભેંસો આંગણે દુઝે, છોકરાનાં પેટડાં બાળે;
આડોશી પાડોશી છાશ લેવા આવે ત્યારે, વાહાલા સગાનો શોક પાળેરે. મન. ૨
ખોટી દાનત તેથી ખાવા મળે નહીં, દીકરીનું ઘરેણું ગાળે;
સાસરે જાયને સાસુ પુછે ત્યારે, એના માવતરનું મોં વાળેરે. મન. ૩
સોનું શોધે ને રૂપુંરે શોધે, કથીરને શું ગાળે;
ભોજો ભગત કહે કાસાંકુટને, પીતળ શું ઉજાળેરે. મન. ૪

ચાબખો ૧૩.

મુરખે નાર કુભારજા આણી, એનું ઘર કર્યું ધુળધાણી—ટેક.
પાંચ માણાંની લાપશી ભરડી, માણાંની ભુંજી ધાણી;
ઘીના ગોણીઆ ઢોળી નાખ્યા, દુધમાં રેડયું પાણીરે. મુરખે. ૧
વાર પરબે વઢવાડ કરેને, કળો કરે જાણી જાણી;
છોકરાને માથે છણુકા કરેને, ચુંટીઆ લે તાણી તાણીરે. મુરખે. ૨
ખરે બપોરે રસોઇ નિપજાવેને, રાંઢે જાતી પાણી;

છોકરાંને તો મારી સુવારે, પછી જાય ઓલાવા રાત જાણીરે. મુરખે. ૩
ટાઢું શીળું કંથ આકળ ઝોંસે, મરે જ્યારે ભુખ તાણી;
સાંજપડે ઘેર પાટકીને આવે, ઉપર જાતાં રીસાણીરે. મુરખે. ૪
પટીઆં પાડી આંખ આંજીને આથડે, સાસરે પીઅર ન સમાણી;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, ઉતરેલ નાર શીદ આણીરે. મુરખે. ૫

ચાબખો. ૧૪

એવું દુખ જગતમાં બાળીરે, પરણી નાર પીઅર પાછી વાળી.—ટેક
કડલાં કરાવું ત્યાં કાંબીને વળગે, વીંછીયા લેવરાવે મોં વાળી,
ચણીઓ શીવડાવું ત્યાં સાડલો માગે, કાપડું કરાવે કજીઆળીરે; એવું. ૧
ધાર્યું ન થાય તો કરે ધીંગાણાં, છાજીયાં લેતી ચાલી;
તપ કર્યાવિના તરીયા નરનું, પંડડું નાખે પ્રજાળીરે. એવું. ૨
બે ચાર બાળકાને બે ચાર બાળકી, પેટડાં નાખે બાળી;
ખાવું ખાવું કરતાં ખસવા દે નહી, જાતાં રાખે ઝાલીરે. એવું. ૩
એક કહે મને ગરીઓ અપાવો, એક કહે ઝાળી;
ભુતડાંની પેઠે વળગે ભેગાં થઈ, ખર્ચ કરાવે ખાલીરે એવું. ૪
ચેતે નહીં તો સુખ ન પામે, પંડે પેટમાં નાખવી પાળી;
ભોજો ભગત કહે હરિ ભજવા ન દે તેને, ઘરમાં રાખે કોણ ઘાલીરે. એવું. ૫

ચાબખો. ૧૫

ભક્તિ શુરવીરની સાચીરે, લીધા પછી નહી મેલે પાછી—ટેક.
મન તણો જેણે મોરચો કરીને, વઠીઆ વિશ્વાસી:
કામ ક્રોધ મદ લોભ તણે, જેણે ગળે દીધી ફાંસીરે. ભક્તિ. ૧
શબ્દના ગોળા જ્યારે છુટવા લાગ્યા, મામલે રહ્યા ભડમચી;
કાયર હતા તે કંપવા લાગ્યા, એતો નિશ્ચે ગયા નાશીરે. ભક્તિ. ૨
સાચા હતા તે સન્મુખ ચડ્યા ને, હરિ સંગે રહ્યા રાચી;

પાંચ પચીશથી પરા થયા, એક બ્રહ્મ રહ્યા ભાશીરે. ભક્તિ. ૩
કર્મના પાંસલા કાપી નાખ્યા, ભાઈ ઓળખ્યા અવિનાશી;
અષ્ટ સિદ્ધિને ઈચ્છે નહીં, થઈ મુક્તિ તેની દાસીરે. ભક્તિ. ૪
તન મન ધન જેણે તુચ્છ કરી જાણ્યાં, અહોનિશ ઉદાસી;
ભોજો ભગત કહે ભડ થયા એતો, વૈકુંઠના વાશીરે. ભક્તિ. ૫

ચાબખો. ૧૬

મોજું કોઈ મરજીવા માણેરે, શીશ સાટે સોંઘા હરિ જાણે. ટેક.
રણક્ષેત્રમાં રીડયું થયું, તન વેંધ્યું પ્રેમને બાણે:
સત્યને મારગે ચાલીયા તેને, વેરી વખાણેરે. મોજું. ૧
પોતાના દેહનું પેંજ્યુ રોપ્યું, કેની મનમાં ભય ન આણે;
ધર્મ ધીંગાણે ભળી ગયા, તન તુટયા લગી તાંણેરે. મોજું. ૨
પ્રભુની પાસે પાખંડ નહીં ચાલે, તમે ચેતી લેજો ટાણે;
કુડીઆ હશે તેને કાયમ રાજા, ઘાલશે લઈ ઘાણેરે. મોજું. ૩
સત્ગુરૂના શબ્દ શુણીને, રાજ છોડી દીધા રાણે;
ભોજો ભગત કહે ભજન કરીને, નર નિપજ્યા નિરવાણેરે. મોજું. ૪

ચાબખો. ૧૭

મન ચડયું મોટપને પેટેરે, તેણે કરી સાહેબ રહયો છેટે—ટેક.
અંતર કાળપ અજ્ઞાની જીવ, કેમ તરે એતે;
દેખવા માત્રજ દિસે રૂપાળો, જેમ રંગ કાઢયો ટેટેરે. મન૦
માયાના મદમાં ફરે મસ્તાનો, જેમ દીલ ઘાલ્યું ઘેટે;
હક ન હલ્યો ને ખાધું હરામનું, બોળ્યુ બાપનું કુળ બેટેરે. મન૦
જોબનમાં તુને જુવંતિ વાહાલીને, ફર્યો રાતડીએ રેટે;
ભોજો ભગત કહે ભાવ વિનાના, તુંને ભૂધર કેમ ભેટેરે મન૦

ચાબખો. ૧૮

એવી માયા કઠણ બહુ કાવે, સંતો કેના સમજ્યામાં ન આવે. ટેક
પોતે બાંધી બેઠી પાસલો, જેમ મંડળ રોકયું રાવે;
કેક જીવ મનમાં મુઝાઈ રહ્યા, પછી ઘણાં ગોથાં ખાવેરે. એવી. ૧
હાથ ફેરવેને હેત દેખાડે, ભુરકીએ ભરમાવે;
તેમ તેમ જીવ લોભાતો જાઈ, એતો પામર બુદ્ધિ પાવેરે. એવી ૨
હરિ ગુરૂ સંત સાથે હેત ત્રોડાવે, પછી પોતાપર લાવે;
વણુદોર્યો જીવ વાંસે ફરે, તેને ભક્તિ કેમ ભાવેરે. એવી. ૩
ભોગ દેખાડે ને મન ભરમાવે, વાહાલાંમાં વિખ વાવે,
કામ ક્રોધનો કરે વધારો, નકી નરકમાં લઈ જાવેરે. એવી. ૪
તે માયાથી કેક ચેતી ગયા, જેને મેહેર કરી માવે;
ભોજો ભગત કહે ભજન કરીને, કોઇ ઉગર્યા નર દાવેરે. એવી. ૫

ચાબખો. ૧૯

મનમાં જે કરતા મોટાયુંરે, એની ઉપડી ગઈ પાયું—ટેક.
જ્યારે બાળકનો જન્મ થયો, ત્યારે વાગીયું વધાયું;
જમડા આવીને જીવ લઈ જાશે, એની વાંસે રૂવે બાયુંરે; મન. ૧
સેજ સિંહાસન ને ચમર ઢળે, ચો દશ ફોજુ છાયું;
ઉડી ગયાને ઉજડ થયાં, એની ગઢ કોઠાને ખાયુંરે; મનમાં. ૨
ચાકર આવીને સલામો ભરતા, કરતા ઠકરાયું;
આકડાના તુર જેમ ઉડી ગયા, એનો વંટોળીએ વાયુંરે; મનમાં. ૩
સદગુરૂ સંતને જેણે સેવ્યા, તેની ધન ધન કમાયું;
ભોજો ભગત કહે વકુંઠ પુગ્યા, તે દેતા નગારે ધાયુંરે; મનમાં. ૪

ચાબખો. ૨૦

મૂરખા જન્મ ગયો તારોરે, બાંધ્યો તેં પાપતણો ભારો.—ટેક.
નામ સાંભળતાં નિંદ્રા આવે, હરિ રસ લાગે ખારો;
અમૃત રસને અળગો કરીને, કર્યા વિષના વેપારોરે. મુરખા. ૧
મોહાંધ થઈને માયા ખરચે તેમ, સગાં કહેછે સારો;
સાધુ દેખીને મોઢું સંતાડે, એતો ધુવે ગારે ગારોરે. મુરખા. ૨
હમણાં તારો હુકમ ચાલેછે, દેછે સહુને ડારો;
ધરમના દુત જયારે ધકા દેશે, ત્યારે ઊગર્યાનો નથી આરોરે. મુરખા. ૩
તલે તલનો હિસાબ લેશે, મોકમ દેશે મારો.
ભોજો ભગત કહે હરિ ભજ્યાવિના, કોઇ નહીં રાખણુંહારોરે મુ૦ ૪

ચાબખો. ૨૧

મૂનવા રહેની ભજનમાં ભળીરે, આતો વેળા જાયછે વળી. ટેક.
જોબનના દહાડા જતા રહેશે, જેમ કરમાય છે કળી;
જરા આવે કાંઈ જોર નહીં ચાલે, પછી વિખાશે પળીરે. મનવા. ૧
સંઘર્યું હશે તે સાથે નહીં આવે, સરવે જાશે સળી;
હેતે કરીને વાવરજે હાથે, બાકીનું જાશે બળીરે. મનવા. ૨
માનવી ઝાડછે મુળ વિનાનું, ધર્મ વિણ જાશે ઢળી;
આગળ ખાવા સારૂ અભાગીયા, કાંઇક મુંડી લેને મળીરે. મનવા. ૩
કાળનું દળતો કારમું આવશે, દેહ નાખશે દળી;
ભોજો ભગત કહે ધર્મ રહેશે, બીજો સરવે જાસે ટળીરે. મનવા. ૪

ચાબખો. ૨૨

મૂરખો કાલની વાતુ કરેરે, માથે કાળનું ચક્કર ફરે—ટેક.
કહે કંઈકને નહીં કરવું એવું, નિજ કરતો નવ ડરે;
વિષય વિકારમાં ફરે વલખતો, પારકા ઘરમાં ચરેરે. મુરખો. ૧
સ્વારથમાં જીવ ચાલે ચોખારો, અસલ ઘણું ઓચરે;

છળ છેતરને દગાબાજી કરી, પારકા ધનને હરેરે   મુરખો. ૨
ધર્મને માર્ગે ઢુંકડો ન આવે, પાપનાં પગલાં ભરે;
સુમની માયા સંઘરી રહેશે, કાં વેસ્યા નારિમાં વાવરેરે. મુરખો. ૩
તેથી ચોરાશી સહી કરી જીવ, અલ્પ થઈ અવતરે;
ભોજો ભગત કહે ભજન કર્યાવિના, ભુંડે હાલે મરેરે.   મુરખો. ૪

ચાબખો. ૨૩

લોભ રહયો હૃદયમાં વશીરે, મુરખને શીખામણુ તે કશી—ટેક.
સંતની નિંદા સારી લાગે, જીવ તેમાં રહેછે મચી;
પરમાર્થથી પાછો ભાગે એતો, ત્યાંથી જાયછે ખશીરે.   લોભ. ૧
ધર્મનું કામ કોઈ કહેવા આવે, તેને સામો ઉડે ભશી;
રામના નામ વિના બીજુ લવે તેની, જીભ કાપવી જોઇએ વશીરે. લો. ૨
વખાણુ પોતાનાં વાહાલાં લાગે, જીવ તે શું બોલે હશી;
કોઇકનું રૂડું કાને સાંભળતાં, જાણે લાગી બરછીરે.   લોભ. ૩
મોતથી બચવા મથ્યો ઘણું તોય, કાળે લીધો ધશી;
ભોજો ભગત કહે ભુત થઇને જીવ, ભમિયો મુવા પછીરે.   લો. ૪

ચાબખો. ૨૪

ખૂટલ મન ખરખરો થાશેરે, જીતી બાજી હાથથી જાશે—ટેક.
કોઈ કહ્યું નથી માનતારે પણુ, કષ્ટ અતિશે સહેશે;
ભલા ભલાઇયું કરી લેજો. આ રંગ જાતો રહેશેરે.   ખુટલ. ૧
હક નથી હાલતો હરિ ભજયાવિના, કાળ ગળી જાશે;
ચો દશના ચેહ ઉપર પછી. વાવલીઓ વાશેરે.   ખુટલ. ૨
વિચાર કરીને વાવ્યાવિના, ફળ કયાંથકી ખાશે;
ભોજો. ભગત કહે ભજન કર્યા વિના, નીર ખારે ન્હાશેરે. ખુટલ. ૩

ચાબખો. ૨૫

મનની ફેરવોને માળારે, મેલી દીઓ જગતના ચાળા—ટેક.
અનેક જન્મ થયા અડવડતાં, ને કરમ લાગ્યાં કાળાં;
જીવને તો લઈ જાશે ભાઈ ઓલ્યા, જમડા જોરાળારે. મનની. ૧
ભલીયું વાલા ભેટશે ત્યાં નહીં પહોચે પાળા;
માલ વાગા કેમ જીતશે, તેછે તીખી તરવાર વાળારે. મનની. ૨
ઇંદ્ર સરીખા ઉતરી ગયા, ભાઈ તેના કોઈ ઠાળા;
ભોજો ભગત કહે ઠીક ઠરાવો, એના અધર ઉચાળારે. મનની. ૩

ચાબખો. ૨૬

મુરખા મતિ ફરી તારીરે, વિઠલને મેલ્યા વિસારી—ટેક.
જન્મ થયા પેહેલાં જઠરામાં, તું કહેતો પોકારી;
બહાર આવ્યા પછી બુદ્ધિ હણાણી, હરિ હીરો ગયો હારીરે. મુ. ૧
દોલત દેખી જીવ થયો દિવાનો, અવળું બોલે અહંકારી;
રહેમ કર્યા વિના પછી થઈસ તું, ભવો ભવ ભીખારીરે. મુ. ૨
ભાત ભાતનાં ભોજન તજીને, અખજનો થયો આહારી;
ચોરી છીનાળીને સુરાપાને, ગયા નર્કે નર નારીરે. મુરખા. ૩
સાચો થઇ જા સદગુરૂ શરણે, લેશે તે ઉગારી;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, માન શીખામણ મારીરે. મુરખા. ૪

ચાબખો. ૨૭

દેખો દેહ ધરી દેવારે, કરી લો સંતોની શેવા—ટેક.
સજન હંસના પાર પોહોચાડ્યા, છે પારથી જેવા;
કરમનાં બંધન કાપી નાંખ્યા, ભાઈ અલેક ધણી એવારે. દેખો. ૧
જુતતું નોતરૂં માની કરી નહીં મુકો હરિ મેવા;
વખત જાય છે કરો ન વગધાં, લક્ષ્મીવર લેવારે; દેખો. ૨
જરણા કરીને જાળવજો ભાઈ, પ્રેમ રસ પીવા;

ભોજો ભગત કહે ભાવે ભજજો, રામ ચરણે રહેવારે. ટેખે. ૩

ચાબખો. ૨૮

એ તો અમર ફળ વેડયુંરે, ફળીએ પૂરવની ખેડયું—ટેક.
પાખરીયા તો પહોંચી ગયા, થઈ રણ ખેતર રોડયું;
બસે ધીંગાણે ભાલા ઉડે, ઉડે તરવારની છોળ્યુંરે. એતો ૧
સંસાર સાગર મથી મરે, માંહી મળે ન સુખ ખોળ્યું;
તેમાંથી કોઈ પાર ન પામે, જેમ કાગડે કુંભ જળ ડોળ્યુંરે. એતો. ૨
સત ગુરૂ ચરણો જેણે શેવ્યાં, તેની હરિ કરશે ભેળ્યું;
ભોજો ભગત કહે પ્રભુ ભજો તો, થાય રંગની રેલ્યુંરે. એતો. ૩

ચાબખો. ૨૯

આ છે પંખીડાનો મેળોરે, ભવો ભવ નહીં રહે ભેળો: ટેક.
સરવે વાતે સંપ કરીને, કુસંપ પરો મેલો:
હરિ ભજ્યામાં હાસલ છે, એ વિચાર કરો પેલોરે. આ છે. ૧
નર તમે હવે નિરભે થયા ગણી, મદમાં શું ડોલો;
હરિ ભજ્યાવિણ હાણ ઘણી છે, ડાપણ શું ડોળોરે. આ છે. ૨
જન્મ ધર્યા જેણે હરિ ભજ્યા નહીં. આખર ઉભેળો;
ભોજો ભગત કહે ઉપટી જાશે, પતંગ રંગ વહેલોરે. આ છે. ૩

ચાબખો. ૩૦

જગતમાં શું રહ્યા માહાલીરે, ભરાણી પાપ તણી પ્યાલી—ટેક.
ભામની મળી જાણે ભગવાન મળ્યા, એવી અંતરમાં વાલી;
કામની કાંઈ તારે કામ ન આવે, સુખ જાશે ચાલીરે. જગ. ૧
અલેક ધણીના ઓળ ગુડયા, એ ખેપ નહીં જાય ખાલી;
ભરમે થકી જીવ ભુલી ગયો, એને જમડા જાશે ઝાલીરે. જગ. ૨
પેટ ચોળીને શુળ ઉપજાવ્યું, ને જીવને ઘાત ઘાલી;

ભોજો ભગત કહે ભજન કર્યા વિના, ઠકરાઈ છે ઠાલીરે. જમ. ૩

ચાબખો. ૩૧

અરે તમે જુવોની જાગીરે, દુનિયાં ડોલવા લાગી—ટેક.
ચાલી ગયેલનો સમજે છે, એને લત કોકની લાગી;
મોહ પાસથી મુક્ત થઇને, થયા છે વૈરાગીરે; અરે તમે. ૧
નોબત નગારાં ગડગડેને, ભેર ભુંગળ વાગી;
અલેક ધણી જ્યારે ઓળખશે, ત્યારે નહીં ઉમરો ભાગીરે. અરે. ૨
રેણી રાખી રામ ભજે જેને, એવી લેહ લાગી;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, થયા અમર બડ ભાગીરે. અ. ૩

ચાબખો ૩૨

સેજે સુતા જન જાગોરે, મુક્તિ હરિ કને માગો—ટેક.
આતમ તત્વને લીઓ ઓળખી, સત ચરણે લાગો;
અનુભવ કરી રામ ઓળખો, તૃષ્ણાને ત્યાગોરે. સેજે. ૧
ચાબખડો સદ ગુરૂતણો, જેને વ્રેહ ઘણો વાગ્યો;
શુદ્ધ વિચારી સંસારીયામાં, ભ્રમણાને ભાગોરે. સેજે. ૨
સત ગુરૂની સેવા કરીને, પેરિલો પ્રેમનો વાઘો;
ભોજો ભગત કહે હરિ ભજ્યા વિના, નર જાશે નાગોરે. સેજે. ૩

ચાબખો. ૩૩

તું જાણી જગતમાં જોઈ, શું રહયો માયામાં મોહી—ટેક.
ખાધું પીધું ને ખેલ કર્યા, વળી ઠાલી કરી ઠકરાઈ;
તોય ભ્રમણા તારી ભાગી નથી, રહે ચીત્ત આમાં પરોઈરે. તું. ૧
રત્ન અમુલ્ય માંડ મળ્યું છે, તે ખુટલ નાંખ્યુ ખોઈ;
આરે જન્મ તારો એળે ગયો, સ્મરણ કર્યું નહીં સોઈરે. તું. ૨
બીજ વાવ્યાં જેણે બીડમાં, નર નિપજમાં કાંઈ નોય;

ભોજો ભગત કહે હરિ ભજ્યાવિના, કામી ન ગયા કોઇરે. તું. ૩

ચાબખો. ૩૪

મૂરખને કઈપેરે સમજાવુરે, એને નિશ્ચે નરકમાં જાવું—ટેક.
સવળું કહેતાં અવળું લાગે, કહીને મદે થાવું;
વાદ કરીને વઢવાડ કરે, અમૃત તજી વિખ પાવુંરે. મૂરખ. ૧
ખાટકી વાડે ઘેટો ચાલ્યો જાય, મહાજન જાણે મુકાવું;
અપ્રીય સંવાદે અવળો ચાલે, તેને ઉંધે માથે ટંગાવુંરે. મુરખ. ૨
સનેપાતનો ચાળો થયો તેને, ઝાઝુ ઓસડ શું ખાવું;
ભોજો ભગત કહે પ્રગટ પારખું, પીતળમાં શું તાવુંરે. મૂરખ. ૩

ચાબખો. ૩૫

મુરખો મોહને ઘોડે ચડે, માથે કાળ નગારાં ગડગડે—ટેક.
હરિજન હોય તેની હાંસી કરે, જીવ અવળુ બોલી લડે;
એકલો હોય ત્યારે અભાગીયો, નવગ્રહની ઘોડે નડેરે, મુરખો. ૧
પર ત્રીયા શું પ્રીતી કરૂં, એવો મનમાં થાટ ઘડે;
ભોગ દેખી જીવ થયો ભુરાયો, જેમ પતંગ દીપકમાં પડેરે. મુરખો. ૨
ત્રણે અવસ્થા ગઈ નરકમાં, પછી કાળે લીધો કેડે;
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, જમડા જોડા જડેરે. મુરખો. ૩

ચાબખો. ૩૬

મન તું હજી શીખામણ માન. એક દિન જાવું છે સમશાન—ટેક.
લખ ચોરાશી અવતાર ધરીને, ખરી ભોગવી ખાણ;
એ તારો અવગુણ ઘણો છે, હરિ ભજ્યા વિણ હાણરે. મનતું. ૧
ભજન કરો તો ભય મટે, આ શબ્દ ધરજો કાન;
અમર દેવને આરાધી લે, સમજી ગુરૂનું જ્ઞાનરે. મનતું. ૨.

સિધી રીતે ચાલજો ભાઈ, રહેવું પડશે રાન;
મુવા પછી નથી માણવું, વાંસે સગાં કરે સ્નાનરે. મનતું. ૩
રાજા પરિક્ષત પામીયો, ભુવનપતિ ભગવાન;
સાત દિવસ લગી સાંભળી, ગોવિંદ કેરૂં જ્ઞાનરે. મનતું. ૪
પ્રેમના પદને પામવા તું, મેલીદે મનની તાણ;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, ભગતી છે નિરવાણરે. મનતું. ૫

ચાબખો. ૩૭

ભવમાં ભજન કરોની ભાઈ, અંતરમાં કરોએહ ઉપાઈ ટેક.
સગાં કુટુંબ ને પરીવાર સૌ, કુડી છે સગાઇ;
મુવા પછી તારી મૂરખા, કહેવાની ન કઠણાઈરે. ભવમાં. ૧
નરએ નાર મંદોદરી મીરાં, ચોથી કર્મા બાઇ;
પીપો પ્રહલાદ ને ધ્રુવ સરીખા, નર હર શીવ નાઈ રે. ભવમાં. ૨
અતી સુખ આવે શામ સમરતાં, મેલી દો મમતાઈ;
પળ ઘડીમાં પાછું વળવું, જેમ વંટોળીએ વાઈ રે; ભવમાં. ૩
અવસર પહોંચે ઉડી ગયા, સુરીનર ગયા શમાઈ;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, રામજી લીઓ સુખદાઈરે. ભવમાં. ૪

ચાબખો ૩૮

જીવ તું વેળા વરતી લે, માથે મરણ તણો છે ભે; ટેક.
મોટા મોટા નૃપ ચાલ્યા ગયા, તારૂં જોર શું છે;
રીદ્ધી સિદ્ધી પડી રહી તેની, મનમાં વીચારી લેરે. જીવતું. ૧
પર સ્ત્રીનું ગમન કરવામાં, સ્વાદ લાગ્યો તે;
આગળ તારૂં શું રે થાશે, એવી મનમાં નથી ભેરે. જીવતું. ૨
પરનિંદા કરવાને પુરો, હરિ રસ લાગે ખારો;
ભોજો ભગત કહે રામ ભજ્યા વિના, જડે મોજડાનો મારો રે; જીવતું. ૩

ચાબખો ૩૯

જીવને જતન કરીને જાણો, આત્મા દુખેથી દુવાણો; ટેક.
વિભીક્ષણને હરી ભેટીઆ, તેણે સાચવ્યો ટાણો;
હું પદ કરીને હારી ગયો, લંકા ગઢનો રાણો રે. જીવને. ૧
જાનકીજીને હરી ગયો, ભાક્ષીમાં ભરાણો;
કોઈનું તેણે કહ્યું માન્યું નહીં, અંતે તે મરાણો રે; જીવને. ૨
નરશી મેતો નાગર થયા, હરિને તેણે જાણ્યો;
પેહેરામણી સહુ પેહેરી ગયા, વડ સાસુને મલ્યો પાણોરે. જીવને. ૩
ચંચળ મન ચો દશ ચાલે, તેને એક ઠેકાણે આણો;
ભોજો ભગત કહે હરિને ભજો તો, ઠરવાનો ઠેકાણો રે. જીવને. ૪

ચાબખો ૪૦ મો.

તમે અવર શું ભાખો રે, હરિને રૂદીઆમાં રાખો, ટેક—
બાંધી હોય જ્યાં લક્ષ્મી, તેને ઉઘાડી કેમ નાખો;
કોઈની સાથે નથી આવવાની, મનમાં વિચાર રાખો રે. તમે. ૧
અવળું બોલે જાય અવરથા, અસત્ય કાં ભાખો;
પુરણ હરિને પાંમવા, તમે પ્રેમ રસ ચાખો રે. તમે. ૨
પેટ ચોળીને શુળ ઉપજાવ્યું, કરી જીવનો જોખો;
ભોજો ભગત કહે ભુલી ગયા, તેનો ધરીએ નહીં ધોખોરે. તમે. ૩

ચાબખો ૪૧ મો.

બાવા વાર કરો વેલી રે, મરી જાવું માયા મેલી; ટેક—
કઈક નર તો સમજી ગયા, કરી આનંદની એલી;
કરમનાં બંધન કાપી નાંખ્યાં, થઈ દયા તણી ડેલી રે. બાવા. ૧
તમે તમારૂં બીરદ સંભાળી, વાત કહુંછું છેલી;
બાના તણી પત રાખજો, કાંઈ પ્રીત નથી પહેલી રે. બાવા. ૨

સાચ તણી પત રાખો શામળિયા, બુડતાના બેલી;
ભોજો ભગત કહે અંતકાળ આવ્યો, છે ઘડી આ છેલીરે. માવા. ૩

ચાબખો ૪૨ મો.

રૂડા રૂદે બિરાજે રામ રે, તેનું નિશ્ચે જપીએ નામ; ટેક—
ભીતર થકી જીવ ભેદાય નહીં, કેમ કરી છુટશે કામ;
ભોગ નિવારે નિધનીયા, જેની ગાંઠે નહીં દામ રે. રૂડા. ૧
પ્રથમ પડદા પરા કરોને, ધરો અંતરમાં ધ્યાન;
નેણે નીરખી નરહરી તમે, મેલો મનની તાણ રે. રૂડા. ૨
પ્રથમ આવ્યા પત રાખવા, ગુરૂએ આપ્યાં જ્ઞાન;
ભોજો ભગત કહે ચાલીયા, સહાય કરજો સ્યામ રે. રૂડા. ૩

ચાબખો ૪૩.

આ સંસાર છે ખારો રે, પ્રભુ તમે પાર ઉતારો;—ટેક
ભ્રમના માંહી ભુલ્યો ભમે છે, હુંપદ કરી હાર્યો;
મથુરાં નગર મહાવજીએ જઈ, મામાને માર્યો રે. આસં. ૧
અમરીખ કારણ અવતરીને, ત્રીલોચનને તાર્યો;
અહલ્યાની સંલ્યા થઈ, તેનો શાપ નીવાર્યો રે. આસં. ૨
ભવ સાગર ભરપુર ભર્યો છે, તે નિશ્ચે છે ખારો;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, ઉતરશો આરો રે. આસં. ૩

ચાબખો ૪૪.

રાવણનું અધુધ છે પાણીરે, બોલે વેણુ અહંકારનાં આણી—ટેક.
ગોખે બેઠી બોલે મંદોદરી, રાવણની પટરાણી;
જેને સમરીએ પાર ઉતરીએ, તેની શીદ લાવ્યો રાણીરે. રા. ૧
સાવ સોનાનો મૃગ બનાવ્યો, વાત શીતવાએ જાણી;
ધનુષ લઈને રામજી દોડ્યા, તીર માર્યું તાણીરે. રા. ૨

બાવન બજારૂંને ચોરાશી ચૌટાં, બાર મેઘ ભરે પાણી;
અલેક ધણીએ આવી કરીને, કરી નાંખ્યું ધુળધાણીરે. રા. ૩
ચૌદ ચોકડીનું રાજ ચાલ્યું ગયું, કહેવા ન રહ્યું કાણી;
ભોજો ભગત કહે પ્રભુ ભજીલોને, દોહીલા છે દરવાણીરે. રા. ૪

ચાબખો ૪૫

આ તન સુખ ઘુમરની એલીરે, જરૂર જવું મમતા માયા મેલી ટેક.
ખાઓ પીઓ ધત વાવરો, ખુબ મચી ખેલી;
માબાપ એનાં બેશી રહ્યાંને, હાલ્યા ગયા બેલીરે. આ. ૧
ઘરની સ્ત્રીએ ધાંધો કર્યો, એને વાત પુછવા વેલી;
સાંચ્યું સંઘર્યુ તમે કહેતા જાજો, ઓલી માયા ક્યાં મેલીરે. આ. ૨
આંધણુમાંથી તારાં ઉભરાઈ જાશે, એની વાર કરજો વેલી;
ભોજો ભગત કહે પ્રભુ ભજ્યાવિના, રસ જાશે રેલીરે; આ. ૩

ચાબખો. ૪૬

મન તો ફરેછે મદમાતુંરે, હરિનું ભજન નથી થાતું—ટેક.
પાંચ તત્વનું પંડ રચાયું, રંગે રાતું માતુ;
જનમારો કોઈ જીવશે નહીં, ઘતો કાલે રહેશે જાતુંરે. મન. ૧
નીંદા સરૂપી નદી બનાવી, નિત તેમાં નાતું;
એમાં તો એનું કાંઈ નહીં વળે, હજી નથી કાતુંરે. મન. ૨
ધંધામાં સુરખો ધ્યાન ધરેછે, ને ધર્મ નથી થાતું;
આગળ જીવ આંસુડા ઝેરશે, ભેળું નથી ભાતુરે. મન. ૩
ચોદશે જીવ ચંચળ ફરેછે, ઝાઝાને જાતું;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, એની આગળ છે વાતુંરે મન. ૪

પદ ૪૭

ગરભમાં ગુણ તું ગોવિંદના ગાતો, નિરંતર લેતો નામ;

ઉદરમાંથી અવતર્યોને, હવે કુડાં કરેછે કામ;
આતમ ધાતી આપનું બોળ્યુ રે, રતન લઇ રાખમાં રોળ્યુ. ૧
આગ્યોતો ત્યારે સી રિદ્ધિ લાવ્યો, જાઈશ પાછો વળી જોય:
હું ને મારૂં કરી હારીને બેઠો, ખરી કમાણી ખોય;
ફોગટ મન શું રહ્યાછો ફુલીરે, ગયા દુભજ્યામાં ડુલી. ૨
મારૂં તારૂં તમે માં કરો પ્રાણી, માં કરો તાણમ તાણ;
કુટુંબ મળી જો કુટવા લાગ્યું, દેહી જાશે સમશાણ;
માટી ભેગી માટી ભળશેરે, કર્યાં ભોગવવાં પડશે. ૩
નામ ધર્યુ તે નિશ્ચે પડશે, રહેવાનું નથી કાંય;
ભોજો ભગત કહે ભલો થઇને, મુરખ સમજ મનમાં;
એમ કરતાં ગુરૂજીને શરણે. આવેરે, તો ઝપટો જમનો નાવે. ૪

પદ ૪૮

પ્રીતે પ્રેમ ખડગ કર લઇરે, ચાલો શુરવીર હરિજન થઈ—ટેક.
જ્યારે ત્યારે એકવાર અરે, મરવાનું છે સહી;
મોજ માણશો તોપણ મરવું, કાયા બુધ જન કહીરે. પ્રીતે. ૧
ડુંગર જેટલી દોલત હોય પણ. સાથે ન આવે જઈ;
અળગા રેતા માત પિતા સુત, મામા માસી ફઇરે; પ્રીતે. ૨
જખ મારતા ગયા જુવાનો, મંદિર મેડી ન રહી;
કરમીમાં ખપી રહ્યા કુકર્મો, ઠાલી ફજેતી થઇરે; પ્રીતે. ૩
પાપ પોટલો માથે મુકી, ચાલ્યા સાથે લઈ;
જમ દુતોના જોરઅંધની, શિક્ષા મુઢાએ સહીરે. પ્રીતે. ૪
કાંય ન માણ્યું કશુ ન કીધું, છુટચા ભાર વહી;
કહે ભોજો હરિ ન ભજ્યા, તેની એળે આયુષ્ય ગઇરે; પ્રીતે. ૫

અથ આત્મ ઊપદેશી બાર મહીના લખ્યા છે.

રાગ શીતાજીના બાર મહીનાનો.

અરે જીવ કારતકે કરી લે વીચાર, કહેને ક્યાંથી આવીયો;
માહા મુક્તી મળી મનુષા દેહ, સ્યે પુન્ય પામીયો.
તેનો દેહ ધર્યાનાં પરમાંણુ, પુન્ય કાંઈ કીજીયે;
કથા કીરતન સમરણુ થાય, ત્યાં તો કાંનદીજીયે.

માસ ૨ જો.

અરે જીવ માગશરે મનમાંય. જોશ તારે બહુ થયો:
દેખી ધનદારા પરીવાર, હૈયામાં હરખીયો.
તેનો શોભાના દીન ચાર, તેમાં શું વળગીરીયો;
કાંઈક કરને તર્યાનો ઊપાય, નીકર તું નીશ્ચે ગીયો.

માસ ૩ જો.

અરે જીવ પોશે પકડશે કાળ, તે દી કોણુ તારુંરૂં:
તેથી ભજી લ્યે શ્રી ભગવાન, મેલી હું ને મારૂં.
રાખી છાપ તીલક ને માલ, બાનું છે દયાળનું;
તેથી ડરશે જમદુત કાળ, અંતકાળના કામનું.

માસ ૪ થો.

અરે જીવ માયે મોયો મનમાંય, ભાંમની કેરા ભાગમાં:
તેની ભુરચામાં ગયોરે ભેળાઈ, વીશયનાં રોગમાં.
ચીત બુધી ઈરખા અહંકાર, વીલચાઈરીયો આપમા;
તેની ત્રષ્ણામાં ગયોરે તણાઈ, વીષયના ઘાટમાં.

માસ ૫ મો.

અરે જીવ ફાગણે રીયોરે ફુલાઈ, જડ માયા કેરા જોરમાં:

તારા શીરપર ફ્રેરે ચેતાંન, લેશે પલક પોહોરમાં.
રાજા ધરમ માગશે જવાબ, અગનીમાં ઉભો રાખશે;
માથે મારશે મોગ્રરીજીના માર, ઊંધે શીર ટાંગશે.

માસ ૬ ઠો.

અરે જીવ ચઈતરે રાખી ચીત, સત ગુરૂજીનાં ચૈરણમાં;
તારા ત્રીવીધના તાપ ઓલાશે, અંતસ કરણમાં.
એવા ગુરૂજી છે શુખ દેણુ, કરમને કાપશે;
મટે જનમ મરણનો જંજાળ, અભે પદ આપશે.

માસ ૭ મો.

અરે જીવ વઈશાકે દીન જાય, વયા તારા વાટમાં;
રાત દીવશ રીયોરે છુપાઈ, વીશેના ઘાટમાં.
પશુ પૈરનારી શું પ્રીત, નીતી નહી હરીના નામની;
બાર પોહોરને ઘડીરે બત્રીશ, કલ્પના કામની.

માસ ૮ મો.

અરે જીવ જેઠે જીવ્યાને ધીકાર, જપ્યા નહી જદુનાથને;
કરપી કરેથી નવાવ યું કાંઈ, કાપ્યા જોઈએ તારા હાથને.
તારા શ્રવણ થીયાં શુનકાર, શુણી નહીં પારાણ્યને;
માટે ચડયો મોટપનો ભાર, નમ્યો નહીં નારાણ્યને.

માસ ૯ મો.

અરે જીવ અશાડે આણંદવર મંડ, આવ્યું તારા ઉરમાં;
તેણ્યે જાણ્યા નહી જુગદીશ, માયાના પુરમાં.
મનમેથી મોયો મન માંય, પ્રભુને નથી પેખતો;
તારી ચક્ષુ ફુટીયું સાર, તેણ્યે નથી દેખતો.

માસ ૧૦ મો.

અરે જીવ શ્રાવણ્યે ચર્ણીદ વીધા ગુણે જાણુ, શમજ્યા વીના શું ફળે;
જેનો સાકર જેવો સ્વાદ, પીરસે તો પોતે ટળે.
એવા ચતુરાઈ તણારે સંતાપ, દાઝુ ત્રીવીધ તાપમાં;
એવા મનડા તણારે વીશ્વાસ, ધુંસાઈરીયો આપમાં.

માસ ૧૧ મો.

અરે જીવ ભાદરવે ભજન વીન્યા, ભીતર સાચો ભક્તીનો;
બીજે કોટી કરોરે ઉપાય, માર્ગ નાવે મુક્તિનો.
શેવો સત ગુરૂજીના ચરણ, શામરીઝે વીસ્વનો;
રઘુનાથજી કરશે આશ, ધોખો મટે જીવનો.

માસ ૧૨ મો.

અરે જીવ આ સુંયે ફરવું ઉદાશ, વૈરાગ રૂપી વનમાં;
ઘણાં અવગણ છે મનમાંય, મગન રેવું મનમાં.
સમરણ કરી લે સત ગુરૂનું, મુરતી ધરવી ધ્યાનમાં;
એવા સતગુર સમરણ હાર, સમજાવે છે સાનમાં.

માસ ૧૩ મો.

અરે જીવ એવા પુરૂશોત્તમ પુરણ બ્રહ્મ, પોતે પરમાતમા;
એવા દેખાણા દરશનમાંય, ઓળખાણા આતમા.
એવા સુણી લ્યો બારે માસ, રૂદે નાંમ રામનું;
ભક્ત ભોજલ કહે ભવો ભવ. શેવક સતગુર સ્વામનું.

ગુરૂ પ્યાલો.

કાફી. ૧ રાગ ધીરાના. પદનો

આવો સંતો ઓરારે, કહું વાત કાનમાં;
સમસ્યામાં સમજાવુંરે, સમજી લેજો સાનમાં.—ટેક.
ખોટો સઘળો ખેલ ખલકનો, સ્વપ્ના સમ સંસાર;
ફોગટ માંહી ફસી પડી નર, ખાંતે થાય ખુવાર;
ડરતા તેથી રહેજોરે, ગુંથાજો તમે જ્ઞાનમાં આવો સંતો. ૧
નારી લાગે પ્યારી પણ, નર્ક તણો તે દત;
જીવતી ડાકણ જાણજો, ભરમાવતી ભૂત;
સંભાળીને રહેજોરે, અંજાશો ન અજ્ઞાનમાં. આવો સંતો. ૨
સાચું પુછો તો સુણો કહું, છોડી દઇને શરમ;
સંતાનો પણ સાલ છે, ભાગી દઉછું ભરમ;
ઝાંઝવાનાં જળ જેવાંરે, ભટકાવે એ ભાનમાં. આવો સંતો. ૩
માનો તો કહુ મોઢે ચડી, ઝાલ્યું ન રહેતું મન;
માયા છે છાયા સમી ભાઇ, છે એ જીવતું જીન;
નરકમાં નાખેછે રે, ડોલાવે અભિમાનમાં. આવો સંતો. ૪
કાયા કાચી કુંભ સમ છે, નથી અધ ઘડીની આશ;
મનખા દેહી ફરી નહીં મળે, થાશે અંતે ત્રાસ;
ચેતી મોજલ રાખોરે, ભક્તિ ભગવાનમાં. આવો સંતો. ૫

કાફી. ૨ રાગ ધીરાના પદનો.

પ્યારો કોઇ પુછોરે, ગુપ્ત બતાવું ગુટકો.
શ્રધાળુ થઇ શીખોરે, સમજે થાયે છુટકો—ટેક.

ગુરૂની આપી તે આપી દજી, કુંચી તમારે હાથ;
અવિદ્યા તાળાં નાંખો ઉઘાડી, દેખો દીનો નાથ;
ઉલટ જો ઉર હોઈરે, અંતર જ્ઞાને ઉટકો. પ્યારો કોઈ. ૧
મંત્ર તંત્રમાં માયર બનો, મારી શકો નિજ મન;
વિપતને પણ નાખો વિદારી, સદા રહો પ્રસંન;
અમીનો કુપો દેખોરે, પીતાં પડે ન ખુટકો. પ્યારો કોઈ. ૨
હીરા માણુક પુષ્પો જેનાં, એવું અદભુત ઝાડ;
એમજ અદભુત સુંદર દેખો, સૂરજ ને વળી ચાંદ;
ગગન મંડળ દેખોરે, તારાનો જ્યાં ન તુટકો. પ્યારો કોઈ. ૩
સુણો ગેબી ગરજના, શુણો અનહદ નાદ;
દેખો વીજળી ચમકતી, વરસતો વળી વરસાદ;
સમુદ્ર જ્યાં ઘુઘવતોરે, ભકતો મારે ભુસકો. પ્યારો કોઇ. ૪
દેખો સુંદર સરોવર જ્યાં, પદ્મ તણો નહીં પાર;
ભોજલ તે લીલા નિરખે, આનંદ થાય અપાર;
એ મુલક જઇ પહોંચોરે, જ્યાં ન ડર જમ દૂતકો. પ્યારો કોઈ. ૫

કાફી ૩ રાગ ધીરાના પદનો.

પ્યાલો સંતો પાયોરે, ગુરૂએ મારે મેહેર કરી;
સમાધી અમને ચડાવીરે, બતાવ્યા નાથ નરહરી—ટેક.
પેહેલો પ્યાલો પાયો જ્યારે, નેનમાં આવ્યું ઘેન;
અગમ નિગમની ખબરો ઇચ્છું, પડે ન બીજામાં ચેન;
ઝોલાં ખાવા લાગ્યોરે, ગુરૂએ જ્યારે જુક્તિ કરી. પ્યાલો. ૧
બીજે પ્યાલે બહારનું સઘળું ભુલી બેઠો ભાન;
ધારણ વળીયું ઘોરવા લાગ્યો, થઈ ગયો અંજ્ઞાન;

ગુરૂની એવી અકળકળાનો, જાણે ન કોઇ ભેદ જરી. પ્યાલો. ૨
ત્રીજે પ્યાલે ગુરૂએ કીધો, પ્રાણ પોતાને હાથ;
દેહતણું પણ ભાન ભુલાવ્યું, સંબંધ કીધો જિન સાથ;
એવા ગુરૂ જબરારે, તંત્ર માંહી ગયેલ તેરી. પ્યાલો. ૩
ચોથે પ્યાલે ગુરૂના મનની, વાતોનું થયું જ્ઞાન;
ગુરૂ ઈચ્છે તે કરૂં આચરણ, તેનું લાગ્યું તાન;
નચાવે તેમ નાચુંરે, અજબ એવી ક્રીયા કરી. પ્યાલો. ૪
પાંચમોપ્યાલો પાતાં થયું, તરત જ્ઞાન ત્રિકાળ;
જગત બધાને જોઈ શકુને, કહી શકું હેવાલ;
ગુપ્ત વાતને ગોતી કાઢું, ત્રણ ભુવને ફેરા ફરી. પ્યાલો. ૫
છઠે પ્યાલે ધુન લાગી ગઈ, લાગ્યું બ્રહ્મથી ધ્યાન;
આનંદમાં અતિ રહેતો રાજી, મગનપણે મસ્તાન,
ત્યાંથી પાછા ફરવારે, હઠ મે'તો હરદે ધરી. પ્યાલો. ૬
સાતમા કોઠા તણી વિદ્યા, જાણતો ભીમદેવ;
તેમ પ્યાલો તે પાઈ શકે, એ દુર્લભ ગુરૂદેવ;
એવા ગુરૂ કોઈ યોગીરે, કાળને કાઢે મારી કરી. પ્યાલો. ૭
આ પ્યાલાથી એરૂ વીંછી, સર્વે થાય આધીન;
મલીન અને સારા મંત્રોમાં, થાય વળી પ્રવીણ;
સઘળા દેવો સહાઇરે, ભુત પ્રેત પણ ભાગે ડરી. પ્યાલો. ૮
આવી ઉત્તમ વિદ્યા સંતો, શીખવી મહા મુસ્કેલ;
શ્રદ્ધા રાખી શીખે તેને, થઈ પડે છે સહેલ;
કહે ભોજલ તેનાથીરે, રોગીઓના રોગ રહે નજરી. પ્યાલો. ૯

દોહરો.

જગત મિથ્યા જીવ બ્રહ્મ, એ વિણ બધું અનિત્ય;
એમ અંતરે દૃઢ થયે, મોક્ષ પામશો સત્ય.

ભક્ત માળા. ત્રણ તાળની ચોપાઇ.

શરૂઆતમાં સમરૂં સ્વયંભુ, આગળ કામ પછી આરંભુ;
સહાય કરજો મારી સરસ્વતી, નમું નેહે ગુરૂ ગણપતિ. ૧
પીધા પવિત્ર પ્રેમના પ્યાલા, એવા ભક્તતણી ભકત માળા;
એહ વર્ણવું ટુંકામાં અતી, સંતો મારી છે અલ્પ મતી. ૨
ભક્ત નામનું એવું છે ભુષણ, કોટી કલ્પનાં જાયછે દુષણ;
એનાં નામે ટળે આવાગમન, પાતકી હોય તે થાયછે પાવન. ૩
ભક્તિ નાદ તણા ભેદુ જાણે, ઘાયલ હોય તે ઘાવ વખાણે;
કહેછે ખરા ભક્તોને કેશરી, ભક્ત વત્સળ તે પાસે બકરી. ૪
સદા હરી કરે તેની ચોકી, વૈકુંઠ જતાં શકે ન કોય રોકી;
ભક્ત હાકલ થકી થરથરે, હરિ બંધાય કાચા સુતરે. ૫
ભક્ત લોકો તો શુરવીર સાચા, જેણે કરજ્યાં કામાદિકનાં ડાચાં,
તેનું નીર મંડળમાં લેખું, ભગવત કાજ લીધી જેણે ભેખુ. ૬
ભક્ત લોકો તો ભડના પૂતો, ડરે જેના થકી જમ દૂતો;
તેની પાસે ચાલે ન કોનું ટટુ, જગતની સાથે જેને બારવટુ. ૭
ભક્તિ સ્વાદનું શું તમે પુછો, એને સંસાર લાગે કુચો;
એને આનંદ સુખ જે થાતું, એતો અનુભવિયા જાણે વાતું. ૮
જાણે વંઝયા ન બેણ જણ્યાની, જાણે મહેનત ન મૂર્ખ ભણ્યાની,
ડોળ દેખાડે નહિ થઇ દંભી, ખરા ખેલમાં નવ જાતા થંભી. ૯
નર તેઓ જન્મ્યા તે પ્રમાણ, બીજા જન્મ્યા ન જન્મ્યા જાણ,
અમથી માતાને ભારે મારી, હીરો હાથે કરી ગયા હારી. ૧૦
સાચા ભક્ત તણો ભર્યો દરિયો, જાય કોયથી તે નવ કળિયો;
એમ નોય તો ન રહે અધર આભ, થોડા ગણાવું છું ગણી લાભ. ૧૧
ધ્રુવે પાંચ વરસની વયે, નાથ સમર્યા વનમાં નિરભયે;
આપ્યું અચળ પદ અવિનાશે, જેની કીરતી જગમાં પ્રકાશે. ૧૨

થયા પ્રલ્હાદજી ભક્ત ભારે, બન્યા કાયર નહિ પિતા મારે;
દીધા ડુંગર પરથી ધકેલી, તોય ભક્તિન તેણે મેલી. ૧૩
માર માર્યામાં રાખી ન મણા, હિર્ણ કશ્યપે હઠ કરી ઘણા;
લોહ થંભ ધીકાવી કર્યો લાલ, બાથ ભીડાવી વળતી બાળ. ૧૪
નાથ રૂપ નરસિંહનું ધરી, થંભ ફાડી નિકળ્યા શ્રી હરી;
દુષ્ટ દૈત્યને સદ્ય સંહાર્યો, ભક્ત પ્રલ્હાદજીને ઉગાર્યો. ૧૫
દીધો વિભીષણને દેશવટો, ગણી અંતરમાં રિપુ કટો;
ફળ રાવણે તો શું કાઢ્યું, કૂળ સંહરાવ્યું આખુ. ૧૬
પાજ બાંધી સમુદ્ર ઉપરે, લંકા લુટાવી રામચંદરે;
ભક્ત વિભીષણને આપ્યું રાજ, એવા દયાળુ છે મહારાજ. ૧૭
હનુમંત સુગ્રીવ અગંદ, તેને હૃદયે હતો નહીં મંદ;
યોદ્ધા થઇને રણમાં આફળિયા, તેનાં જન્મ મરણ દુખ ટળિયાં. ૧૮
આવ્યા જાચવા બળીને બારણે, દીનોનાથ દેવોને કારણે;
શુક્રે બહુ રીતે ચેતાવ્યો, ઝારીમાં ધરી આડો આવ્યો. ૧૯
દાન દઇને પેઠો પાતાળ, તોય છોડ્યા ન ચીતથી ગોપાળ;
આપ્યુ સુખ ત્યારે તો અપાર, થયા શામળીઓ છડીદાર. ૨૦
રાજા મુરધ્વજ મોટો ભક્ત, તેને સંકટ આવિયું સખ્ત;
પૂત્ર પ્રેમદા થઇને કાપે, તારી કાયા અરધી મને આપે. ૨૧
એવું વેણ નાખ્યુ હરિજને, કરવત શીશ ધર્યું મુરધ્વજને;
તોય ત્રાસ થયો નહીં મનમાં, તેનું ચિત લાગ્યું ત્રિભુવનમાં. ૨૨
સત્ય સારૂ હરિશ્ચંદ્રે શેવ્યાં, નીચે ઘેર રહી દુખ કેવાં;
સત્યાં જાય નહીં દીધાં બાપે, કહેતાં કાયા તે થરથર કાંપે. ૨૩
પ્યારી પૂત્રને તજી તમામ, થઈ ચંડાળ રહ્યા શમશાન;
પડ્યું પારખું જ્યારે હરિને, ત્યારે સુખ દીધાં તેને ફરીને. ૨૪
ભક્તિ તો રહેતી નથી છાની, ભરતે માત તજી પોતાની;
રાજ કર્યું ન રહ્યો જઇ છેટે, થઈ રાજી ફર્યો રામ ભેટે ૨૫

સમાં સબંધી તજ્યાં જરૂર, એવા ભક્ત થયા વિદુર;
રાખે કેમ હરિ નહીં રહેમ, જુઓ પ્રભુ ઉપર તેનો પ્રેમ. ૨૬
થઇ પ્રેમાંધ વિદુર વામાંગી, દોડી ભેટવા ભુલમાં નાગી;
ગર્ભ નાંખી દે ભાન વગરમાં. છોડાં આપે છબીલાના કરમાં. ૨૭
છાલો ખાય છે કૃષ્ણ કેળાની, ખુબી ન્યારી છે પ્રેમ પ્યાલાની;
વિદુર ઉપર થયા બહુ રાજી, ભગવંતે ધરાઈ ખાધી ભાજી. ૨૮
અમૃત રાખ્યું અમરને કાજે, સૂરા પાઈ અસુરને મહારાજે;
શંકર ઉમિયાજીને રાખ્યાં શર્ણુ, ભસ્મ સુરનું આણ્યું મર્ણુ. ૨૯
કંશે કાળાગ્રહમાં પુર્યો કુડે, માત તાત છોડાવ્યાં કાનુડે;
પ્રેમે ઝાંડી ગોપીઓ તે તારી, એવા ગોવરધન ગિરધારી. ૩૦
દેવતાએ જુઓ આંખ મીચી, સ્વાર્થ સાધવા જાચ્યા દધીચી;
અમને આપો તમારાં અસ્થી, આપ્યાં રૂષિએ તેને ખુશથી. ૩૧
તોળ્યું શીબીનું ત્રાજવે માંસ, કર્ણે રાખી ન કાયામાં આશ;
એવો ભાવ દેખી રીઝયા ભુધર, સુખ કેમ ન દે સ્યામ સુંદર. ૩૨
પૂત્ર નારાયણ અંત વેળે, એવું વેણ કાઢયું અજામેળે;
તેમાં પરમ પદ તેને આપ્યું, દુખ કારમું નર્કનું કાપ્યું. ૩૩
તાતા તેલમાં તળવા ચડામાં, નાંખ્યો રાજાએ કુંવર કડામાં;
તેલ શિતળ કીધું ઘનશ્યામે, રક્ષા કીધી સુધન્વાની રામે. ૩૪
રાજા અમરીશ એવોછે ભક્ત, ભજન વિના ગાળે નહીં વખ્ત:
અતિ શ્રમે કરવા માંડી શેવા, ત્યારે વળવા માંડિયા પ્રશેવા. ૩૫
ઢાળે વાયુ અમરિશ પુંઠે રહીને, ભક્ત વત્સળ વીંઝણો લઈને,
નાથે ભક્તનાં દુખ નિવાર્યાં, અવની ઉપરે અવતાર ધાર્યા. ૩૬
બાળ સ્નેહી પોતાનો સુદામા, રાંકડી કષ્ટ વેઠે તેના રામા;
ચપટી તાંદુલ તેના ચાખી, કંચન મહેલ બનાવ્યા ન બાકી. ૩૭
ચંદ્રહાસની સંભાળ લીધી, દોહલી વેળાએ વાર કીધી;

એવો અંતરજામી અલબેલો, વારે આવે ભકતોની વહેલો. ૩૮
દુષ્ટ દુરજોધન રાયે બોલાવી, સભા વચે પંચાળી આવી;
સમર્યા તે સમે સ્યામ શરીર, પુર્યા નવસેં નવાણું ચીર. ૩૯
રામચંદ્રજી જઇ પાસે બેઠા, બોર સવરીનાં ખાધાં એઠાં;
રૂષી પહોચ્યા નહીં જ્યારે હડીએ, શુદ્ધજળ કર્યું ચર્ણ રજરડીએ. ૪૦
પોથટ પઢાવતી ગુણુકા તારી, એવા દયાળુ છે ગિરધારી;
અહલ્યા સલ્યા ફિટાડી ઓધારી, કૃષ્ણે કુબજાને કરી પ્યારી. ૪૧
પાંચ પાંડવે ભક્તિ કીધી, રિપુ હરાવી ને ગાદી દીધી;
રથ હાંકયો અર્જુનનો રણુ, પાંચ પાંડવ છઠા નારાયણ. ૪૨
ગોપીચંદ ભરથરી ને ગોરખ, તેણે સંસાર છોડયો ગણી વખ;
ઠાલ્લો છોડી દઈ તેણે ઠાઠ, નેહે ભજ્યા નિરંજન નાથ. ૪૩
હોલા હોલીને હરિએ ઉગાર્યા, પારધી સીંચાણાને સંહાર્યા;
કાચઓ કાચબી આંધણુ ધરિયાં, નાથ સમર્યા તો જીવતાં નિસરિયાં. ૪૪
નિભાડેથી બીલાડીનાં બચ્ચાં, બહુ નામીની કૃપાથી બચ્યાં;
ખગ બચાવ્યાં ખાંડવ વને, ગજ ઘંટા નાખી ત્રિભુવને. ૪૫
ઝુંડે ઝાલ્યો તો જળમાં ગજને, ભગવાને છોડાવ્યો તે ભજને;
દીનબંધુ એવા છે દયાળુ, ભક્ત જેવું બિજું ન જેને વાલું. ૪૬
ત્રિલોચનનું દુખ હરિયું, શેવક થઈને પાણી ભરિયું;
તાર્યા રૂકમાંગદ સંસાર, તેમાં શંષય નહીં તલભાર. ૪૭
ટેક સગાળશાની સાચી, વાત સુણી બીજા જાય ત્રાસી;
સાધુ સારૂ ચેલૈયો ખાંડયો, જાણે મોટો ઉત્સવ માંડયો. ૪૮
સંઘાવતીએ પેટે નાખી પાળી, એવી ટેક ત્રિભુવને ભાળ;
દીધું દરશન દીને નાથે, ચેલૈયાને જમાડયો સાથે. ૪૯
ભક્ત કોલવાની દ્રઢ ભક્તિ, તેને ચાલવાની નોતી શક્તિ;
દેવળ ફેરવી દરશન દીધું, હરિ વિણુ કોઇએ ન એવું કીધું. ૫૦

જયદેવની જીવાડી જુવતિ, એવા ભક્ત આધિન લક્ષ્મીપતિ;
રોહીદાસની પાતરી લીધી, શ્યામે તે સમે સૌચ ન કીધી ૫૧
ગયા જુદ્ધમાં જેમલ માટે, સહ્યાં સંકટ હરિએ તે સાટે;
બીજે ભવમાં નથી બીડ બાંગુ, છાતી આડી ધરી ખમે સાંગું. ૫૨
ભક્તિ જોઈને બોડાણા તણી, મેહેર કીધી મહારાજે ઘણી;
છોડી દ્વારિકાં ડાકોર ગયા, સવા વાલથી ઓછા થયા ૫૩
નરસિંહ મેતો જુનાગઢનો નાગર, તેણે ભજવા માંડ્યા સુખ સાગર;
હરિજન સાથે હરિ ભજને હળ્યો, એનો પ્રેમ અતિ ઉજવળો. ૫૪
ઈશ સાથે પડી આંતરે ગાંઠ્યું નવાં રૂપ ધરે હરિ તે સાટું;
શેઠ શામળજીને સ્વરૂપે, હુંડી શિકારી દ્વારિકાં ભુપે. ૫૫
કુંવર બાઈને મામેરૂં કર્યું, રાખી મણા ન કોય ન રહ્યું;
ગિરવી મુક્યો તો રાગ કેદારો, છોડવી લાવ્યા પ્રભુજી તે પ્યારો. ૫૬
મારી નાંખવા ધાર્યો મંડળી કે, તોય ભક્ત ડગ્યા ન તે બીકે;
હાર પહેરાવ્યો દામોદર રાયે, થયું કોયથી નહિ પછી કાંયે. ૫૭
રૂક્ષમણી અદિને લઈને, નાથે જાન કાઢી પોતે જઈને;
નરસિંહ ભક્ત સુતને પરણાવ્યો, ત્યારે લોકોને પત આવ્યો. ૫૮
થયા કબીરજી ભક્ત ભારે, કોઈ પૂર્વ તણા સંસ્કારે;
તેના પરચા જાણેછે સહુએ, દરશન દીધું દીનબંધુએ. ૫૯
સંત સારૂ પોતાના સૂતનું, શિશ છેદાવ્યું કબિરે સપૂતનુ;
થયા ચીરી ઉપવીત બતાવ્યું, અધર આસન એણ લગાવ્યું. ૬૦
ખડ ખાધું પથરને પોઠીએ, વડ પત્ર વિણ કિધ ભક્તિ વડીએ;
અતિ ઉત્તમ કબીરાની વાણી, જેની કીરતિ જગમાં જણાણી. ૬૧
મીરાં બાઈની ભક્તિ પરાણે, માંડી છોડાવવા કુંભે રાણે;
પ્યાલા ઝેરના પાયા જ્યારે, અમીતણા કર્યા એ મોરારે. ૬૨
અંન ભેગાં બેશીને જમીયાં, રજની દિવસ સાથે રમીયાં;

એની પ્રેમ ભક્તિની છે અવધી, તેને શું કરી શકે સબંધી. ૬૩
અણુવાણે પગે લક્ષ્મીપતી, મેલે ગૌલોકથી ગડ ગડતી;
આવી વાર કરે વેલી વેલી, બીજો પ્રભુ સમો નથી બેલી. ૬૪
ભક્ત પીયાનો ભારે ભરૂંસો, એનો પ્રેમ અતિશય ઉચો;
કંચન દ્વારિકાં ઉપર દરિઓ, ફરિયો જાણીને જોવા ખાબકિઓ. ૬૫
તેમાં તેનાં તેણે કર્યા દર્શન, કૃષ્ણ પુર્ણ થયા તેપર પ્રસંન;
છાપ આપીને જગને ચેતાવ્યો, મળ્યા હતા પીપાજીને માવો.
રંતીદેવ અને પૃથુરાય, અધમ ઉદ્ધાર્યો સજન કસાઇ;
દીવ્ય ચક્ષુ સુરદાસને દીધાં, બાઈ કરમે તીને પાવન કીધાં. ૬૭
ખાધો ખીચડો કરમા કેરો, તેનો ટાળી નાખ્યો ભવ ફેરો;
ભક્ત થયો દામો નામે ૩રજી, તેનું પય પીધું પ્રીતે હરજી. ૬૮
નામ દેવની છાપરી છાઈ, કરી સજીવન મુવેલી ગાય;
કીધી ચાકરી ભક્ત સેનાની, નાથે નાપીક થઈને મજાની. ૬૯
ધના ભક્તને દ્રઢતા આવે, ખેતર નિપજાવ્યું વણ વાવે;
ઓઢાડી છે બનાત અધરાતે, માધવદાસને મોરારે જાતે. ૭૦
તુકારામના કોય નથી વડીયા, સર્વે જોતાં વિમાને ચડીયા;
રાંકા વાંકાને લાગી તાળી, તેનાં દુખડાં દીધાં હરિએ ટાળી. ૭૧
અંતર દરશી નાભોજી જાણુ, ડુબતું રાખ્યું વણિકનું વાણુ;
ભક્તમાળ ગુથ્યો ઉત્તમ ગ્રંથ, સિદ્ધ થઈ ગયા એ મહા સમર્થ.
પીર રામદેતણી પીરાઇ, હજી હાજરા હજુર એ ભાઈ;
તાર્યા તોલીએ સધીર સાંસતીયો, પળમાં જેસલને પીર કરિયો.
સહજાનંદ થયા મહા સિદ્ધ, યોગ વિદ્યામાં પુરાણ પ્રસિદ્ધ;
પરચા પુષ્કળ દેખાડ્યા કરી, તેનો પંથ રહ્યો બહુ પ્રસરી. ૭૪
વિસામણ થયા પાળીયાદે, સાતાધારે ગીગો ગર્યે આદે;
મુળદાસ થયા છે મહંત, ભોજા ભક્તની કીરતિ અનંત. ૭૫

પિતાંબર પ્રભુ સત દેવીદાસ, એવી સીદ્ધિ હતી એની પાસ;
પળમાં નિકળતા પચાસ કોશ, હરિ ભજવામાં અતિ જેને હોંશ. ૭૯
દાને વાણુને ગાબડાં દીધાં, અંતર આગલાનાં જાણી લીધાં;
વિપ્ર સુતોની વારે ચડીયા, ગંગા ઘેર બોલાવી શુદ્ધ કરીયા.
મૂઢ મનુષ્યે માનતા માની, શ્રીફળ શીર ઉપર ફોડ્યાની;
દાને દુષ્ટ તણું જાણ્યું દલડું, એતો અધરથી ફુટયું આફુ
થયા સાયલામાં ભક્ત લાલો, પીધો હતો તેણે પ્રેમ પ્ર
કાઢી ઉકેરેથી કોરી નવસો, મુઓ બળદ જીવાડયો એ
જુઓ જલા અલા કહેવાણો, હતો વીરપુરનોએ લુવાણ
સાધુ આવ્યા હતા પત લેવા, આપ સ્ત્રી એવું લાગ્યા ક
તેણે પત્ની લઈ પાછી દાધી, જેસે માતા ગણી તેને લીધ;
અંન ખુટે ન હતો ઓલીઓ, દેવ થયા પછી ફેને મળ્યો.
એવા ભક્તો થયા માથાં મેલી, ભડ થઈને પડદો સંતો ભેળા
હરખે કહે ભોજલરામ, પ્રેમ પ્યાલો પીઓ ભજો રાંમ
આનો પાઠ કરે નિત્ય પ્રીતે, કોઈ ચાર ઘડી એક ચીતે;
તેનાં પાતક પ્રજળી જાય, સર્વ વાતે કરે હરિ સહાય. ૮૩
જે કોઈ સાંજ સવારે બોલે, તે જન થાય ભકતોની તોલે;
જે જન શ્રદ્ધા રાખીને સાંભળે, તેનાં જન્મ મર્ણ દુખ ટળે. ૮૪
ફરી અવસર નહીં આવે આવો, મહેનત કરો ભજવા માટે માવો:
ભણે દાસ તમારો ભોજલ, ભક્તો તે પર રહેજો પ્રસંન. ૮૫

દોહરો.

હળી જાવ હરિ ભજનમાં, ગળી જાવ ગુણવંત;
મળી જાય સુખ મુક્તિનાં, ટળી જાય જો તંત.

સમાપ્ત.

જાહેર ખબર.

અમારાં છપાવેલાં પુસ્તકો અમારે ત્યાંથી અગર
નીચે લખેલા ઠેકાણેથી મળશે.

એકાદસી મહાતમ પ્રાકત ૨૫) પુરા. સીતા સ્વયંવર આખ્યા. ભોજા ભગતના ચાબખા. ગુરૂ મહીમા. ટીપણાં ઓળીઆં. સંકરલીપટલ..

અમરેલી—પોતાની દુકાનેથી.

મુંબઈ—બાલક્રસ્ન લક્ષ્મણને ત્યાંથી.

શ્રી વણુસર વી. કાલા વાલજીને ત્યાંથી.

કુંડલા—મેતા મોરાર સુંદરજીને ત્યાંથી.

શ્રી જુનાગઢના બુકસેલરો પાસેથી.

તે શીવાય ઘણી જાતનાં પુસ્તકો સંસ્કૃત અને પ્રાકૃત તથા ગુજરાતી વારતા વીગરે હીંદુસ્થાની મરેઠી ડીપોની ચોપડીઉ વીગરે સરવે અમારે ત્યાં મળશે ભોજા ભગતના ચાબખા ભાગ ૩ તથા ૪ થોડા દીવસમાં બહાર પડશે.